# રાજુલાનાં મે. એડિ. ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, મુ. રાજુલા.

---

**ફોજદારી કેસ નં. :–623-2026**

**આંક :–**

**ફરિયાદી :–**

**આરોપી :–** રઉફભાઇ રહીમભાઇ ગાહા રહે ડુંગર

**ગુન્હો :** બી.એન.એસ. કલમ ૨૮૫ મુજબ.

**–: હુકમ :–**

૧. આ કામનાં આરોપીએ ચાર્જશીટમાં બતાવ્યા મુજબનાં સ્થળે અને સમયે પોતાના હવાલાવાળા વાહનને ટ્રાફિકને અડચણ થાય તેવી સ્થિતિમાં રાખી તે મળી આવી **બી.એન.એસ.કલમ–૨૮૫** મુજબનો ગુનો કરેલ હોવાનું ચાર્જશીટ રાજુલા પોલીસ ધ્વારા તપાસને અંતે પુરતા પુરાવા જણાતાં રજુ કરવામાં આવેલ છે.

૨. આ કામનાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવી. આરોપીએ તેમની સામેના ગુન્હાની સમજ આપી તેઓનું નિવેદન નોંધવામાં આવ્યું તેમજ આરોપીએ ગુનો કબુલ કરવા સબંધેથી પુરશીષ આપીને ગુનો કબુલ કરેલ તેમજ તેમના નિવેદન મુજબ તેઓ સ્વૈછાપુર્વક ગુન્હો કબુલ કરેલ છે. તેમજ આરોપીઓની કબુલાત પુરશીશ ધ્યાને લેતા તેઓએ સ્વખુશીથી અને સ્વેચ્છાપૂર્વકની આપેલ હોવાની ખાત્રી કરેલ છે. તેથી આરોપીઓની કબુલાત પુરશીશ ધ્યાને લેતા તેમજ તેઓની રૂબરૂ રજુઆત ધ્યાને

લેતા તેઓ ગરીબ માણસ હોય તેમના ઉપર કુટુંબની જવાબદારી હોય તેમનો આ પ્રથમ ગુનો હોય તેમની ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે. તે તમામ હકીકતો ધ્યાને લઈ તેમજ હાલના ગુનાનુ સ્વરૂપ અને કાયદાકીય જોગવાઈઓ તથા નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા ૨૦૦૫(૧) જી.એલ.આર. પાના નં .૭૦૯, સ્ટેટ ઓફ ગુજરાત વિ. નટવર હરચંદજી ઠાકોરના ક્રિમીનલ અપીલ નં.૪૪૭/૨૦૦૨ મા નકકી કરવામા આવેલ સિધ્ધાંતોને ધ્યાને લેતા ન્યાયનાં હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:: આખરી હુકમ ::–**

(૧) **BNSS 275** અન્વયે આ કામના આરોપીને **બી.એન.એસ.કલમ–૨૮૫** મુજબના ગુના સબબ તકસીરવાર ઠરાવવામાં આવે છે. આરોપીને રૂા.૨૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ કરવામાં આવે છે તથા કોર્ટ ઉઠતા સુધીની સજાનો હુકમ કરવામાં આવે છે. તેમજ જો આરોપી દંડ ન ભરે તો ૦૭ (સાત) દિવસની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) કબજે લીધેલ મુદામાલ યોગ્ય ખરાઈ કરી તાત્કાલિક પરત કરવો.

હુકમ આજરોજ હુકમ ૨૨/૭/ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા જાહેર કર્યો.

મુ. રાજુલા.

( ભરતકુમાર મનમોહનભાઇ પરમાર )
એડી.ચીફ જયુડી.મેજીસ્ટ્રેટ,રાજુલા
( જી.જે.૦૧૩૪૮ )

દંડ/પેનલ્ટી પાવતી નં.................થી

રૂા..................જમા લીધેલ છે.

તા. ૨૨/ ૦૭/૨૦૨૬

નાઝર

પ્રિન્સિપાલ સિનિયર સિવિલ કોર્ટ, રાજુલા